

## ‘ગોરમા’

‘ગોરમા’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## ‘સ્વર્ગ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘સ્વર્ગ’**. તમારી મૌલિક કૃતિ અમને 1-08-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in

- **સંપાદક**

## ગોરમાની આરતી ઉતારું

મા મને સપનાની પાંખો ફૂટી ને
મારે ગોરમાને પાંચે આંગળીએ પૂજવા!
મનડાને ઉપવાસ ક્યાં હોય મારી માવડી
મારે ને તારે તો હેતના જવારા ઉગાડવા!
મારા ઉરને બસ તારા દર્શનના ઓરતા
તારા આશિષની હું તો હકદાર મારી ગોરમા!
સાસુસસરામાં મહિયરનો વાસ હોય
રોજ રોજ માવતરને માંડવે મ્હાલું!
મનનો માણીગર મનડે ગોખ બાંધે
એનાં પગલાંમાં પગલાં હું પાડું!
આ સંસારી અચરજોને આંખે આંજીને
હું તો ગોરમાની આરતી ઉતારું!!

– રીટા સંજય વશી

## જાય રે ગોરમા

ગોરમાનો વર નખરાળો ને
નખરાં કરતો જાય રે ગોરમા,
હાથમાં લીધી વાંસળીને,
સૂરમાં ગાતો જાય રે ગોરમા,
હાથમાં લીધી કામળી ને,
ઓઢતો ભમતો જાય રે ગોરમા,
હાથમાં લીધી સીટી ને,
સુસવાટા મારતો જાય રે ગોરમા,
હૃદયે રાખી ધરપત ને
હિંમતે હાલ્યો જાય રે ગોરમા,
માંગું હું એટલું ગોરમા,
આવો પ્રિયતમ મને આપો ગોરમા.

– સ્વાતિ વિશાલકુમાર સુથાર (ઉત્તરસંડા)

## ગોરમા પૂજવા ચાલી

પાંચ પાંચ દિવસ અલૂણું કરી
પાંચે આંગળીએ ગોરમાને પૂજી,
પૂજાની થાળ સજાવી ફૂલ-ચોખા કંકુથી,
રંગબેરંગી પરિધાન સજી પગમાં ઝાંઝર,
માથે દામણી મોતીની માળા પહેરી.
હું તો ગોરમા પૂજવા ચાલી.....
કંઈ ન જાણું વર શું કે વરરાજા!?
છ-સાત વર્ષની હું કંઈ ન સમજું,
બસ માતાની સુંદર મૂર્તિને પ્રેમથી પૂજું,
આનંદ સુખની બરાબર મજા લઈ લેતી,
ભાવતાં ફળો-સૂકામેવા ને શ્રીખંડ ખાતી.
હું તો ગોરમા પૂજવા ચાલી.....
લાડ લડાવે ઘરના સૌ પરિજનો,
હિંડોળે હિંચાવી, સૌ મારા પરિવારજનો,
સખી સંગ, ગોષ્ઠી કરી ગાતી ગીતો,
ગોરમાને સંગ આનંદ આનંદ કરી.
હું તો ગોરમા પૂજવા ચાલી.....

**- જયા રાણા- સુરત**



## આવ્યા રે આવ્યા ગોરમા

આવ્યા રે આવ્યા ગોરમા મઝા પડી રે પડી
મેં તો હાથમાં મુકાવી મહેંદી ટોપલીમાં વાવ્યા જ્વારા
મનમાં ગણગણતા મંદિરે જવાનું ઝરમરતા વરસાદમાં
જતી બાળ સખી સંગ હરખાતાં હરખાતાં
ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં
છેલ્લે દિવસે સરસ ફોટા પડાવ્યા સખી સંગ
આજે જૂની યાદો યાદ કરીને આંખ ભીની થઈ ગઈ
મારી વહાલી દીકરીને જોઈ હું હરખાતા બોલી
થઈ જાય એક સેલ્ફી તેણે તરત હા પાડી
મમ્મી મારી જો મહેંદી કેવી સરસ છે
મારો ફોટો જોઈને બોલી તું પણ કરતી હતી ગોરો
તો પછી થઈ જાય એક સેલ્ફી હરખાતાં એ બોલી
ફોટાઓ મુકાયા આલ્બમમાં જૂની યાદો સાથે
ફોટાઓ અને સેલ્ફીનું અંતર ઘણું છે
ગોરમા તો હજુ યે પૂજાય છે

- હેતલ ટીપુભાઇ ચૌધરી

## શમણાં

લઈ શમણાંઓ ભાવિ ભરથારનાં,
કરે અલૂણાં નાનકડી ગોરમા.
ભક્તિ કરી શિવ પાર્વતીની,
કરતી પ્રાર્થના સુખી સંસારની.
મીઠા વગરનાં પાંચ દિવસ,
તોય રહેતી સ્વસ્થ ગોરમા.
પ્રભુભક્તિનું ફળ જ ગણવું આને,
પૂર્ણ થતાં પાંચેય દિવસો સુખરૂપ.

શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)

## મારા ઘરે આવો ને

ગોરમા તમને અક્ષતે વધાવું,
ગોરમા દીવડા પ્રગટાવું,
મારા ઘરે આવો ને.
બાજઠ બિછાવીને ફૂલડાં વેરાવું,
બાજઠ પર બિરાજવા માટે,
મારા ઘરે આવો ને.
મીઠો કંસાર બનાવી ઘી રેડાવું,
મધમીઠો કંસાર આરોગવા,
મારા ઘરે આવો ને.
ભાવિ-ભરથાર મને મળે ન્યારો,
એવા આશીર્વાદ આપવાને,
મારા ઘરે આવો ને.

– કયનાઝ ઝુબીન ઈલાવિયા (સુરત)



## ગોરમા

ભીની માટીની સુગંધમાં
અષાઢનો પહેલો શ્વાસ ભળે
ને નાનકડા હાથ ગૂંથે સપનાંની ભીની વેલ.
ઓટલે મુકાયેલી એક નાની ટોપલીમાં
લીલાંછમ જવારા ઊગી નીકળ્યાં છે
જાણે બાળકીની આંખોમાં રોપાયેલી
કુંવારી આશાઓ.
ગોરમા બેઠાં છે માટીના આસને,
કંકુના ચાંદલામાં એક નાનકડો સૂરજ ઊગ્યો છે.
આંગણામાં ફુદરડી ફરતી કન્યાઓના
પગમાં બાંધેલા ઘૂઘરામાં
આખું આકાશ રણકી રહ્યું છે.
અલૂણાં વ્રતની આ કેવી અનોખી કસોટી.
ભલે ન હોય કોઈ સ્વાદ થાળીમાં,
પણ હોઠ પર શ્રદ્ધાની અપાર મીઠાશ છલકાય છે.
અલ્લડ ઉંમરની આ સાવ ભોળી માંગણી,
ફક્ત એક સાચા સાથની,
અને આખું આયખું મ્હેકી ઊઠે એવા આશીર્વાદની.
જવારાની ભીની લીલાશમાં
ગોરમા મંદ મંદ હસે છે,
ને માટીના દીવાના ઝગમગતા અજવાળામાં
દીકરીઓની આવનારી કાલ ઝળહળી રહી છે.

- કે ડી સેદાણી, (અમદાવાદ)

## ચલી હો...

લહેરાતી ચલી, રૂમઝુમતી ચલી, ગુનગુનાતી ચલી,
ગોરમાને પૂજવા ચલી હો... હો... હો...
સાતે ધાન્ય વાવીને, લીલાછમ જવારા ઉગાડીને,
ગોરમાને પૂજવા ચલી હો... હો... હો...
પાંચે આંગળીએ પૂજીને, નૈવેદ્ય અર્પણ કરીને,
ગોરમાને પૂજવા ચલી હો... હો... હો...
અલૂણાંનો ઉપવાસ કરીને, સૂકામેવાની લિજ્જત માણીને,
ગોરમાને પૂજવા ચલી હો... હો... હો...
મંદિર બગીચામાં સહેલીને સંગે, જાગરણમાં મજા કરીને,
ગોરમાને પધરાવવા ચલી હો... હો... હો...
જીવનસાથીનો પ્રેમ પામવાને, સુખસમૃદ્ધિની આશ સાથે,
ગોરમાને પધરાવવા ચલી હો... હો... હો...

– **સંજુ કમલ શાહ (સુરત)**

